## ૯.૧ તીર્થ-મનઃશાંતિનું ચુંબકીય ક્ષેત્ર

પોતાની આધ્યાત્મિક અને તાત્ત્વિક મૌલિક સંસ્કૃતિથી જૈનધર્મ સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. ભારતના વિકાસમાં જૈન ધર્મનું મહત્વનું યોગદાન છે. જૈન ધર્મના અનુયાયીઓએ નિર્માણ કરેલા શિલ્પ સમૃદ્ધિથી શોભતા અનેક વિશાળ જિનમંદિરો આજે વિશ્વને અહિંસા અને અનેકાંતનો દિવ્ય સ્દેશ પહોંચાડવામાં અગ્રેસર રહ્યા છે. ગાઢ અરણ્યો, ફલદ્રુપ ક્ષેત્રો, ગગનગામી પર્વતો, પુણ્યસલિલ સરિતાઓ અને નિર્મલ નૈર્સિંગક ક્ષેત્રોમાં ઊભી થયેલી નયનરમ્ય મંદિરાવલિઓમાં ઠેઠ પ્રાચીનકાળથી પોતાના ઉપાસકોનું અૈહિક અને પરલૌકિક શ્રેય સાધવાની સાથે જગતના કલારસિકો અને અભ્યાસીઓના હૃદયમાં પણ અનેરું સ્થાન જમાવ્યું છે. આવા અનેક પ્રાચીન જૈન તીર્થોના ઈતિહાસની યશોગાથા આજે પણ રાષ્ટ્રના મુક્ત ગગનમાં પ્રસરેલી જોવા મળે છે. જૈનોના તીર્થો માત્ર વૈભવ કે કલાના નમૂના નથી પણ જૈનોની અદ્ભુત ધર્મશ્રદ્ધા અને આત્મકલ્યાણના જીવંત પ્રતીકો છે. કાળના ઝંઝાવાતોમાંયે જૈન સંસ્કૃતિના આ ઉજજવલ પ્રતીકોએ પર્વતની ટોચ પર ઊભેલા અડગ મૌન તપસ્વીની જેમ જૈન સંઘની રક્ષા કરી છે. જૈન સંસ્કૃતિના આવા જવલંત તીર્થસ્થાનોની રક્ષામાં અને કાળથી જર્જરીત થયેલા આવા પ્રાચીન દેવાલયોનો જિર્ણોદ્ધાર કરવામાં જૈન સંઘે પોતાની અઢળક, અર્નગલ લક્ષ્મીનો તેની પાછળ સદ્‌વ્યય કરીને પોતાની અતૂટ શ્રદ્ધા, અપૂર્વ ભક્તિ, ઉચ્ચ ભાવના અને અપ્રતિમ ઉદારતાનો ગૌરવપદ પરિચય વખતો વખત આપ્યો છે. જૈન સંઘ આજે આટલા આત્મ સન્માન સાથે જીવંત રહ્યો છે એ તેની તીર્થ ભાવના અને સરસ્વતીના ઉપાસક એવા જૈન સાધુ ભગવંતોની પ્રેરણા અને ઉપદેશને જ આભારી છે તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

તીર્થયાત્રાનો આવો ઉત્કૃષ્ટ મહિમા જોઈને એમ કહેવું સર્વથા ઉચિત છે કે જેણે મનુષ્ય દેહ પામવા છતાં તારક એવા તીર્થોની યાત્રા ન કરી હોય તેનો જન્મ નિરર્થક ગયો છે, તેનો અવતાર એળે ગયો છે. જૈન શાસ્ત્રોમાં તીર્થની વ્યાખ્યા કરતાં કહેવાયું છે કે 'તારયતે ઈતિ તીર્થમ્' - જે તારે તે તીર્થ. વળી કહ્યું છે કે, 'ભવસમુદ્રોડનેન તીર્યતે તત તીર્થમ્' - એટલે કે ભવસાગરને તરી શકાય તેને તીર્થ કહે છે.

જૈન શાસ્ત્રકારોએ તીર્થના બે પ્રકાર જણાવ્યા છે. એક જંગમ તીર્થ અને બીજું સ્થાવર તીર્થ. શ્રમણપ્રધાન શ્રી ચર્તુિવધ સંઘ એ જંગમ તીર્થ છે જયારે તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિઓ, મહામુનિઓ જે ભૂમિ ઉપર કર્મક્ષય કરી નિર્વાણ પામ્યા હોય તેમ જ જીવોના કર્મક્ષય કરવામાં જે નિમિત્તરૂપ સ્થાનો હોય તેને સ્થાવર તીર્થ કહેવામાં આવે છે.

તીર્થયાત્રાને મનુષ્ય જન્મનું એક વિશિષ્ટ અંગ માનવામાં આવ્યું છે. એટલે જ કહેવાય છે કે, પૂજયોની પૂજા, દયા, દાન, તીર્થ યાત્રા, જપ, તપ, શ્રુતારાધના અને પરોપકાર એ મનુષ્ય જન્મના આઠ ફળો છે. મુમુક્ષુઓ આ પુણ્યફળથી વંચિત ન રહી જાય તે માટે જ શ્રાવકના આચારોને પ્રસ્તુત કરતાં 'મન્નહ જિણાણં' સૂત્રમાં કહેવાયું છે કે-

'જિણપુઆ જિણથુઅણં, ગુરુથુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં' ।। વવહારસ્સ ય સુદ્ધી, રહજતા તિત્થજત્તા યં' ।।।

જિનપૂજા, જિનસ્તવન, ગુરુસ્તુતિ, સાર્ધિમક વાત્સલ્ય, વ્યવહારશુદ્ધિ, રથયાત્રા અને તીર્થયાત્રા એ શ્રાવકના કર્તવ્યો છે. શ્રાવકને નિત્ય કરવા યોગ્ય કર્તવ્યમાં પણ તીર્થ યાત્રાનો નિર્દેશ આ રીતે જોઈ શકાય છે.

તીર્થયાત્રાનો મહિમા દર્શાવતા જૈન મર્હિષઓએ કહ્યું છે કે-

શ્રી તીર્થ પાન્થરજસા વિરજીભવન્તિ, તીર્થેષુ બ્રમ્મ્રમવતો ન ભવે ભ્રમન્તિ ।

દ્રવ્યવ્યયાદિહ નરા સ્થિરસમ્પદઃ સ્યુઃ, પૂજયા ભવન્તિ જગદીશમથાર્ચયન્તઃ ાા

તીર્થયાત્રિકોના પગની રજ વડે રજવાળા થનારા મનુષ્યો કર્મરજથી રહિત થાય છે. તીર્થમાં પરિભ્રમણ કરનારા મનુષ્યો સંસારમાં પરિભ્રમણ કરતાં નથી. તીર્થયાત્રામાં દ્રવ્યવ્યય કરવાથી મનુષ્યો સ્થિર સંપત્તિવાળા થાય છે. અને તીર્થમાં જઈ જગદીશ એટલે શ્રી જિનેશ્વર પરમાત્માની પૂજા-ભક્તિ-આરાધના-ઉપાસના કરનારા સ્વયં પૂજય બને છે.

જૈન ધર્મગ્રંથોમાં તીર્થયાત્રાના અનેક લાભો જણાવવામાં આવ્યા છે. તીર્થયાત્રા કરવાથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, દૃષ્ટિ વિશાળ બને છે, ચારિત્ર નિર્મળતાને ધારણ કરે છે તથા જીવનમાં ઉદારતા, પરમાર્થ, પરોપકાર પરાયણતા, સ્વાશ્રય અને ખડતલતા કેળવાય છે. વળી સામુહિક તીર્થયાત્રા કરતાં એકબીજાનો સંપર્ક સધાય છે. સુખ-દુઃખના સહભાગી થવાય છે. શુભ સંસ્કારોની લેવડ-દેવડ કરાય છે. આરંભાદિક અનેક પાપો કરીને મેળવેલા દ્રવ્યનો ભક્તિ, સેવા વગેરે કાર્યોમાં સદ્ઉપયોગ થતાં તેની સફળતા પ્રાપ્ત થાય છે. તીર્થયાત્રાથી હૃદયમાં હર્ષોલ્લાસપૂર્વક ઉત્તમ અધ્યવસાય થાય છે. તીર્થની પવિત્રતાથી જીવન સ્વયં પવિત્ર બને છે. તીર્થસ્થાનો અને તીર્થંકર પરમાત્માની કલ્યાણક ભૂમિઓની યાત્રાથી હૈયામાં અનેરા ભાવોલ્લાસ જાગે છે. અને ભક્તિની આવી ઉચ્ચ શ્રેણિ યાત્રિકોનું પ્રાંતે કલ્યાણ જ કરે છે.

યાત્રા કરનાર સાધકોએ પર્યટન અને યાત્રા વચ્ચેનો ભેદ સમજી લેવો આવશ્યક છે. તીર્થયાત્રા અને પર્યટન એ બંનેમાં પ્રવાસ તરીકે સમાનતા હોવા છતાં તેમાં ભારે અંતર રહેલું છે. જે અટન, ભ્રમણ કે પરિભ્રમણ આંતરિક વિશુદ્ધ વિના હેતુથી થાય તે યાત્રા. જે માત્ર મનોરંજન માટે થાય તે પર્યટન અને જે માત્ર ભવસમુદ્ર તરવાને માટે કરાય તે યાત્રા.

આજના સમયમાં પર્યટન માટેનો રસ લોકહૃદયમાં વૃદ્ધિ પામી રહ્યો છે. પરંતુ પર્યટનમાં મનોરંજન સિવાય કોઈ હેતુ હોતો નથી. જીવનવિકાસ, આત્મોન્નતિ, દોષક્ષય, ગુણવૃદ્ધિ વગેરે પવિત્ર ધ્યેયોનું આજના પર્યટનમાં ં સ્થાન નથી. થોડું મનોરંજન મળે, થોડું વાતાવરણનું પરિવર્તન થાય એથી આત્માનું કલ્યાણ થોડું થઈ શકે ?

એટલું ખાસ યાદ રાખવું ઘટે કે તીર્થમાં જવા માત્રથી આપણું શ્રેય થઈ શકતું નથી. તીર્થમાં તો વિધિપૂર્વક જવું જોઈએ. તીર્થમાં ગયા પછી મન, વચન, કાયાની પૂર્ણ પવિત્રતા જળવાવી જોઈએ. અહીં તો ફરવા આવ્યા છીએ માટે મોજ-મસ્તિમાં રહો, માલ-મલિદા ઉડાવો એ ભાવનાને બિલકુલ તિલાંજલી આપવી જોઈએ. તીર્થયાત્રાને ઉદ્દેશીને એટલે જ આપણા મહર્ષિઓએ ચેતવણી આપતાં કહ્યું છે કે-

અન્ય સ્થાને કૃતં પાપં, તીર્થ સ્થાને વિનશ્યતિ ા

તીર્થ સ્થાને કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિ ાા

અન્ય સ્થાને કરેલું પાપ તીર્થસ્થાનમાં નાશ પામે છે. પરંતુ તીર્થસ્થાનમાં કરેલું પાપ તો વજ્રલેપ જેવું અર્થાત્ નિકાચિત બની જાય છે.

## તીર્થંકર પરમાત્માના પંચ કલ્યાણકોનું રહસ્ય

તીર્થંકર ભગવંતોના જીવનના પાંચ વિશિષ્ટ કલ્યાણક પ્રસંગો જગતભરના જીવોને માટે પરમ આનંદકારી ને મહામંગલકારી હોવાથી પરમકલ્યાણકારી છે.

દરેક કલ્યાણકના પ્રસંગે ઈન્દ્રોનાં આસનો કંપિત થાય છે. અવધિજ્ઞાનથી જાણી, ઈંદ્ર મહારાજા આનંદવિભોર બને છે અને ભગવાન જે દિશામાં હોય તે દિશા તરફ, સિંહાસન

ઉપરની ઉઠી, સાત આઠ પગલાં આગળ જઈ, શક્રસ્ત્વ દ્વારા પ્રભુજીને સ્તવે છે અને શાશ્વતા આઠમા નંદીશ્વરદ્વીપે જઈ ભક્તિ સભર હૈયે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાપૂર્વક પ્રભુભક્તિનો અણમોલ લ્હાવો ઉઠાવે છે. સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાલલોકમાં યાને ત્રિભુવન મધ્યે સર્વત્ર આનંદ-પ્રમોદ અને હર્ષની હેલિઓ વર્ષે છે. અરે ! નરકાવાસોમાં રહેલા નારકીના જીવો પણ ક્ષણભર પોતાના દુઃખ ભૂલી જઈને સુખનો અનુભવ કરે છે અને દરેક તીર્થંકરના કલ્યાણક પ્રસંગે આવું બધું જ બને છે. આ પાંચે કલ્યાણક ભવ્ય જીવોના ભવભ્રમણનું નિવારણ કરનારાં થાઓ !

૧. ચ્યવન કલ્યાણક ઃ દેવલોકમાંથી ચ્યવીને તીર્થંકર ભગવાનનો જીવ રત્નકુક્ષિણી માતાના ગર્ભમાં આવે છે તેને ચ્યવન કલ્યાણક કહેવાય છે.

૨. જન્મ કલ્યાણક ઃ તીર્થંકર પરમાત્માનો જન્મ, સ્વપરના જન્મને અજન્મા બનાવે છે તેના પ્રતાપે પ્રભુજન્મના સમયે ત્રણ લોકમાં સર્વત્ર પ્રકાશ પ્રસરે છે અને ગાઢ અંધકારમય નરકાવાસોમાં પણ અજવાળાં થાય છે. જયોતિષચક્ર ઉચ્ચ સ્થાનેહોય છે દિશાઓ ઉજ્જવળ બને છે. જનપદવાસી લોકો આનંદવિભોર બને છે. છપ્પન દિક્કુમારિકાઓના આસનો કંપે છે, અને ભક્તિભાવથી પ્રસૂતિને અનુરૂપ કાર્ય કરી ભક્તિસભર હૈયે રાસ રમે છે અને પ્રભુજીનો જન્મ મહોત્સવ ઉજવે છે. ઈંદ્ર મહારાજાનું સિંહાસન પણ કમ્પાયમાન થાય છે, ઈંદ્ર પોતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે. સિંહાસન ઉપરથી નીચે ઉતરીને અણમોલ મણિરત્ન જડિત પગની મોજડીઓનો ત્યાગ કરી, સાત-આઠ ડગલાં આગળ જઈ ‘નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં’ આદિ પદો બોલી પ્રભુજીની ભાવથી સ્તવના કરે છે. બાદ હરિણીગમેષી દેવને હુકમ ફરમાવે છે કે અમુક સ્થળે અમુક રાજાની રાણીની કુખે ત્રિલોકનાથ અવતર્યા છે.

ચરમદેહે અવતરેલા પ્રભુની ભક્તિ કરવી એ આપણા માટે કલ્યાણકારિણી કરણી છે, માટે તમામ વિમાનવાસી દેવ-દેવીઓને જાણ કરો કે ત્રિલોકના નાથનો અમુક સ્થળે જન્મ થયો છે તે જન્મ મહોત્સવ ઉજવવા માટે સૌ તૈયાર થાઓ, બાદ હરિણીગમેષી દેવ ઘણા દેવો સહિત સંદેશવાહક યંત્ર તુલ્ય સુઘોષાઘંટા વગાડે છે. હજારો યોજનો દૂર રહેલા વિમાનોના ઘંટાઓમાં તે નાદ ઉતરે છે. સૌ શાંત ચિત્તે સાંભળે છે અને સૌ તૈયાર થઈ, વિમાન દ્વારા મેરૂગિરિરાજ ઉપર આવે છે. અને આ બાજુ ઈંદ્ર મહારાજા પ્રભુજીના જન્મ સ્થળે આવી, પ્રભુસહિત માતાને વંદના કરી, અવસ્વાપિની વિદ્યાથી માતાને નિંદ્રાધીન બનાવી, માતાજીને દુઃખ ન થાય, તે રીતે પ્રભુજીને ઈંદ્ર મહારાજા પોતે હાથમાં લે છે. પાંચ રૂપે લઈને મેરૂગિરિ શિખરે જઈ જન્મભિષેક દ્વારા ભક્તિ કરે છે. બાદમાં નંદીશ્વર દ્વીપે જઈ, અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવે છે. ત્યાં વિવિધ રીતે પ્રભુ ભક્તિ કરી કૃતકૃત્ય બને છે. પ્રભુજી જન્મે ત્યારે પશુ-પંખીઓ પણ જય જયારવ કરે છે. સુકાળના સુખદ સુગંધી વાયરા વાય છે. પૃથ્વી ઉપર ધાન્યાદિના સુંદર પાકો નિપજે છે. લોકો ઓચ્છવો મહોત્સવો ઉજવે છે઼ અને સર્વત્ર આનંદનું વાતાવરણ સર્જાય છે. નારકીના તેમજ નિગોદના ને સ્થાવરોના જીવો પણ સુખદ લહરીનો અનુભવ કરે છે અને આ છે પ્રભુજીના જન્મકલ્યાણકની ઝગમગતી જયોતિ !

3. દીક્ષા કલ્યાણક ઃ દીક્ષા મુક્તિપુરીમાં પહોંચાડનારી રીક્ષા છે. ત્રણે કાળમાં દીક્ષાની શિક્ષા વિના યાને ભાવચારિત્રની સ્પર્શના વિના કોઈનો પણ મોક્ષ થયો નથી, થતો નથી, અને થશે પણ નહિ.

પ્રભુજી પણ આત્માના ઉદ્ધારને કલ્યાણને અર્થે જ સર્વસાવદ્યના ત્યાગમાર્ગને સર્વવિરતિરૂપ પવિત્ર ચારિત્રને ગ્રહણ કરે છે. ચારિત્રજીવન સ્વીકારતાં પહેલાં તેઓ માનવ જગતને ત્યાગથી જ જીવન બડભાગી બને છે તેવું સમજાવવાની પૂર્વ ભૂમિકા રૂપે

બાર બાર મહિના સુધી વર્ષીદાનનો વરસાદ વરસાવે છે અને રોજના એક કરોડને આઠ લાખ સોનૈયાનું દાન કરે છે. તેમાં તેઓશ્રી ૩ અબજ ૮૮ કરોડ અને ૮૦ લાખ સોનૈયાનું દાખ કરે છે. સૌને ભેદભાવ વિના, છૂટે હાથે મોં માગ્યું દાન આપે છે અને મોહ ત્યાગનો અજોડ દાખલો વિશ્વના ચોકમાં પ્રચારે છે. વિશ્વ કલ્યાણની, કમનીય કામનાથી વિપુલ રાજઋદ્ધિ રાજરમણીને રાજવૈભવોનો સહર્ષ ત્યાગ કરે છે. દેવો-ઈન્દ્રોને માનવો, પ્રભુજી મહાત્યાગનો મહામહિમા ઉજવવા દીક્ષા કલ્યાણકનો મહામહોત્સવ ઉજવે છે. અલંકાર અને આભૂષણોથી ભૂષિત પ્રભુજીનો દીક્ષાનો દિવ્ય અને દબદબાભર્યો વરઘોડો કાઢે છે. દીક્ષા લેવાના સ્થળે વરઘોડો ઉતરે છે. ત્યાં પ્રભુ સ્વયં બધા અલંકારોને, આભૂષણોને સહર્ષ ઉતારે છે. સાપ જેમ કાચળી ઉતારે તેમ તમામનો ત્યાગ કરે છે. સ્વયં પંચ લોચ કરે છે બાદ પ્રભુ 'નમો સિદ્ધાણં' કહી સર્વસાવદ્યના ત્યાગરૂપ સર્વ વિરતિ દંડક ઉચ્ચારે છે ત્યારે પ્રભુજીને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. ઈન્દ્ર મહારાજા પ્રભુજીએ સ્કંધે દેવદુષ્ય-દિવ્ય વસ્ત્ર અર્પણ કરે છે, અને આ છે દીક્ષા કલ્યાણકની દિવ્ય ઉજવણી !

૪. કેવળજ્ઞાન કલ્યાણક ઃ છદ્મસ્થ અવસ્થામાં ઘોર તપો તપી, પરિષહોને અદીનભાવે સમતાથી સહી, પ્રભુ ચાર ઘાતિ કર્મ ખપાવી કેવળજ્ઞાન પામે છે, ત્યારે પ્રભુજી છદ્મસ્થાવસ્થા વટાવી વીતરાગ અવસ્થાને પામે છે. લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનની દિવ્યજયોતથી ત્રણે લોકના, ત્રણે કાળના સકલ પદાર્થોને સ્વપર પર્યાયથી સંપૂર્ણપણે જાણે છે, દેખે છે. આ પ્રભુની વાણી ૩૫ ગુણથી યુક્ત હોય છે. આઠ પ્રાતિહાર્ય પ્રગટ થાય છે. પ્રભુજી ૩૪ અતિશયથી અલંકૃત બને છે. તેમના દેહનાં લોહી, માંસ ગાયના દૂધ જેવાં ઉજ્જવળ ને સફેદ હોય છે. તેમના આહાર-વિહારને ચર્મચક્ષુવાળા જોઈ શકતા નથી. તેમના શ્વાસોચ્છવાસ અતિસુગંધી ને સુંદર હોય છે. તેમને કદી પરસેવો થતો નથી. પ્રભુજી જયાં વિચરે ત્યાં સવાસો યોજન સુધી ચોગરદમ મારી-મરકી-દુકાળ-ઈતિ-ભીતિ-સવચક્ર

ભય-પરચક્રભય વગેરે પ્રવર્તતા નથી. દેવર્નિિમત સમવસરણમાં અશોક વૃક્ષ નીચે રત્નજડિત સુવર્ણમય સિંહાસન ઉપર બિરાજી પ્રભુજી ચારગતિ નિવારક ચતુર્મુખે ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે. પ્રભુજી પ્રાકૃત ભાષામાં માલકોષ રાગમાં અમૃતથી પણ અધિક મધુરતા ભરી વાણીથી, ભવ્ય જીવોને બોધ આપે છે. જગતના કલ્યાણ માટે તીર્થની, ગણધરોની ને ચર્તુિવધ શ્રી સંઘરૂપ તીર્થની સ્થાપના કરી, તીર્થંકરપણાને સાર્થક કરે છે. આવા કેવળજ્ઞાન-કલ્યાણકની કમનીય ઉજવણી આપણા અજ્ઞાન આવરણોને દૂર કરી આપણામાં લોકાલોક પ્રકાશક જયોતિને પ્રગટ કરે છે !

પ. નિર્વાણક કલ્યાણક ઃ પ્રભુજીને કેવળજ્ઞાન થયા પછી ચારગતિ નિવારક ચતુર્મુખે ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે અને બાકી રહેલા ચાર અઘાતિ કર્મ ખપાવીને, પ્રભુજી જે સ્થળે નિર્વાણ પામે છે તે સ્થળ નિર્વાણ કલ્યાણક સ્થળ તરીકે ઓળખાય છે.

પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્માના પાંચે કલ્યાણકો અનુક્રમે ૩૨ લાખ તથા ૨૮ લાખ દેવવિમાનોના અધિપતિ મહાસમૃદ્ધિશાળી ક્રોડો દેવદેવીઓના પરિવારથી સેવાતા અખૂટ વૈભવશાળી એવા શ્રી સૌધર્મેન્દ્ર આદિ ૬૪ ઈન્દ્ર મહારાજાઓ, અને ક્રોડો દેવદેવીઓએ સપરિવારે અપૂર્વ સામગ્રીથી, દત્તચિત્તે, પરમ હર્ષોલ્લાસપૂર્વક જે રીતે ઉજવ્યા હતા તેવી જ રીતે આપણે પણ શક્ય એટલી ઉત્તમોત્તમ સામગ્રી પૂર્વક સમુદ્રની ભરતીની માફક, ઉત્તરોત્તર ચઢતા પરિણામે પરમ તારક શ્રી જિનેશ્વર પરમાત્માના ચ્યવન, જન્મ, દિક્ષા, કેવળજ્ઞાન તથા મોક્ષરૂપ પાંચે કલ્યાણકોની અત્યંત બહુમાનપૂર્વક ઉજવણી કરી, આપણો આત્મા શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં ક્ષીર-નીરની માફક ઓતપ્રોત બની જાય તો પરમતારક એવું શ્રી તીર્થંકર નામકર્મ પણ બાંધી શકે છે.

શ્રી પંચકલ્યાણકોની ઉજવણી સબહુમાન કરનારના ગમે તેવા અંતરાયકર્મો, વિઘ્નો, આધિવ્યાધિ-ઉપાધિ વગેરે દૂર થઈ જાય છે અને મહાન પુણ્યાનુબંધી પુણ્ય ઉત્પન્ન

થવાથી ઉત્તરોત્તર વિશિષ્ટ ધર્મ સામગ્રી પ્રાપ્ત થવાથી આત્મા થોડા જ ભવોમાં અનંત આવ્યાબાધ એવા મોક્ષ સુખનો અધિકારી બની શકે છે.

આ સાથેના કોઠામાં ૨૪ તીર્થંકરોના થયેલા પંચ કલ્યાણકના સ્થળો આપવામાં આવેલ છે અને તે સ્થળો  બહુ જ પવિત્ર અને પાવનકારી માનવામાં આવે છે.

પરમાત્માના કલ્યાણક-આરાધના-વિધી

તપ ઃ જયારે એક કલ્યાણક હોય ત્યારે એકાસણું કરવું. બે કલ્યાણક હોય ત્યારે આયંબિલ કરવું. ત્રણ કલ્યાણક હોય ત્યારે એકાસણું અને આયંબિલ કરવું. ચાર કલ્યાણક હોય ત્યારે ઉપવાસ કરવો અને પાંચ કલ્યાણક હોય ત્યારે ઉપવાસ અને એકાસણું કરવું.

જપ ઃ ૨૦ નવકારવાળી નીચે પ્રમાણે ગણવી. જે પ્રભુનું કલ્યાણક હોય તે પ્રભુજીનું નામ જપના પદમાં જોડવું.

૧. ચ્યવન કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....પરમેષ્ઠિને નમઃ

૨. જન્મ કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....અર્હતે નમઃ

3. દીક્ષા કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....નાથાય નમઃ

૪. કેવલજ્ઞાન કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....સર્વજ્ઞાય નમઃ

પ. નિર્વાણ કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....પારંગતાય નમઃ

વિધી ઃ ૧૨ લોગ્ગસનો કાઉસગ્ગ, ૧૨ સાથીયા અને તેની ઉપર ૧૨ ફળ નૈવેદ્ય તથા ૧૨ ખમાસણા આપવા.

ખમાસણાનો દુહો ઃ

પરમ પંચ-પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ.